ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ક્રમાંક: પરીક્ષા/૪-અ/૧૨૭૩૪/૨૦૨૪ તા.૨૪/૧૨/૨૦૨૪

**પરિપત્ર: ૩૮૮**

## ત્રણ વર્ષ લો કોલેજોના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટની તારીખ લંબાવવા અંગેનો પરિપત્ર

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન **ત્રણ વર્ષ લો** વિદ્યાશાખાની કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડી.૬૯ની જોગવાઈ મુજબ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. આ એનરોલમેન્ટ તા. **૨૭-૧૨-૨૦૨૪ સુધી ઓનલાઈન ભરીને લોક કરવા** આથી જણાવવામાં આવે છે. આપની કોલેજ/ સંસ્થામાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટની ઓનલાઈન યાદી તથા જનરેટ થયેલ એનરોલમેન્ટ ફોર્મ પર પ્રત્યેક વિદ્યાર્થી અને સંસ્થાના વડાની સહી સાથે, તેમજ ફી ભર્યાની રસીદ તારીખ ૩૦-૧૨-૨૦૨૪ સુધીમાં કાર્યાલય પર જમા કરાવવા આથી જણાવવામાં આવે છે. આ આવેદનપત્ર ભરતાં સમયે વિદ્યાર્થીનો ABC ID ભરવો ફરજીયાત છે. જેથી જો કોઈ વિદ્યાર્થીનો ABC ID નહીં હોય અથવા ખોટો હશે તો આવેદનપત્ર સ્વીકારવામાં નહીં આવે. જેની નોંધ લઇ ઘટતી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. (વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મની નકલો કોલેજ પોતાના કાર્યાલય પર માહિતી માટે રાખી શકે છે) ત્યારબાદ મંજુર થયેલી દંડનીય ફી પ્રમાણે કાર્યવાહી કરવાની થશે.

એનરોલમેન્ટ યાદી યુનિવર્સિટી કાર્યાલય પર જમા કરાવવા માટે નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી.

ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ વિદ્યાશાખાની કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂ. ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http//:efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.

એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯ ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)

વિદ્યાર્થીના એનરોલમેન્ટની યાદી જમા કરાવવા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના લેવલે કરવા વિનંતી. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા પ્રવેશ સમિતિ પાસે મેળવી લેવાની રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

પ્રવેશ સમિતિ દ્વારા એન્ડોર્સ થયેલ વિદ્યાર્થીઓના જ એનરોલમેન્ટ કરી શકાશે. કોઈપણ વિદ્યાર્થીનું નામ એનરોલ્મેન્ટ ફોર્મ ભરતી વખતે ઉમેરી/સુધારી શકાશે નહિ.

જે કોલેજો એનરોલમેન્ટ ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણી માંથી વિદ્યાર્થીદીઠ રૂ. ૧.૫૦ (એક રૂપિયો ને પચાસ પૈસા) લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફોર્મ ફી તથા એનરોલમેન્ટ ફી અલગ અલગ ડ્રાફ્ટ સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલપમેન્ટ (વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦/-) ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી.

**<u>તમામ ત્રણ વર્ષ લો કોલેજોના અધ્યક્ષ/હેડને એનરોલ્મેન્ટ ફોર્મ જમા કરાવતા અગાઉ લોક /કરતા અગાઉ ધ્યાને લેવાની જરૂરી સુચના:</u>**

તમામ ઇન્ટીગ્રેટેડ લો કોલેજોના અધ્યક્ષ/હેડને ખાસ સુચના છે કે તેમણે વિદ્યાર્થીઓના એનરોલ્મેન્ટ ફોર્મની આખરી યાદી તૈયાર કરી ડેટા લોક કરતા અગાઉ તેમણે પ્રવેશ આપેલ તમામ વિદ્યાર્થીઓ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા– લીગલ એજયુકેશન રૂલ્સ, ૨૦૦૮ અને ત્યાર બાદના બાર કાઉન્સિલ ઓફ ઇન્ડીયાના પરિપત્રો મુજબ જરૂરી એવી ન્યૂનતમ શૈક્ષણિક અને અન્ય લાયકાત ધરાવે છે તેની વિદ્યાર્થીની માર્કશીટ અને અન્ય દસ્તાવેજોને આધારે ચકાસણી કરવાની રહેશે. જો વિદ્યાર્થી જરૂરી લાયકાત ધરાવતો ન હોય અને ભવિષ્યમાં તેને બાર કાઉન્સિલ સનદ આપવાનો ઇનકાર કરે કે ગુજરાત યુનીવર્સીટી દ્વારા આવા વિદ્યાર્થીઓનો પ્રવેશ અને/અથવા ડીગ્રી જરૂરી લાયકાતના અભાવે રદ્દ થાય તો તે અંગે સબંધિત કોલેજની સંપૂર્ણ જવાબદારી રહેશે તથા ગુજરાત યુનીવર્સીટીની કોઈ પણ જવાબદારી રહેશે નહી તેની નોંધ લેવી.

પરીક્ષા નિયામક

પ્રતિ,

ગુજ. યુનિ. **ત્રણ વર્ષ લો** વિદ્યાશાખાના આચાર્યશ્રી/વડાશ્રીઓ તથા તરફ.
માનનીય કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તેમજ માન કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
ઈન્ફોર્મેશન સેન્ટર તરફ.